| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૨૯/૦૬/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખઃ– | ૨૯/૦૬/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખઃ– | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૯ | ૦૧ |
| **આંકઃ–** | **૧૮** | | |

**મે.રાજકોટના ૫માં અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ,**

**રાજકોટ.**

**<u>ફોજદારી અપીલ નં. ૪૬૩/૨૦૨૪</u>**

**એપેલેન્ટ/મુળ આરોપી:**

**૧. ઘનશ્યામભાઈ અમરશીભાઈ સોલંકી,**
રહે.દેવનગર શેરી નં.૨, નાના મવા રોડ, રાજકોટ.

**૨. અમરશીભાઈ વેલજીભાઈ સોલંકી,**
રહે.રૈયાધાર, રામાપીર ચોકડી પાસે,
ઈન્દીરાનગર, રાધિકા પાન સેન્ટરની પાછળ,
મફતીયાપરા, રાજકોટ.

// **વિરુદ્ધ** //

**રીસ્પોન્ડન્ટ/મુળ ફરિયાદી:**

**૧. શ્રી સરકાર,**

**૨. મનીષાબેન ઘનશ્યામભાઈ સોલંકી,**
રહે.દેવનગર શેરી નં.૨, નાના મવા રોડ,
રાજકોટ.

***<u>બાબતઃ</u>*** ***ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૭૪***
***<u>અન્વયેની ફોજદારી અપીલ.</u>***

---

| | |
|---|---|
| એપેલેન્ટ તરફે | વિ.વકીલશ્રી બી.જે.બોરીચા |
| રીસ્પોન્ડન્ટ નં.૧ સરકારશ્રી તરફે | વિ.એ.પી.પી.શ્રી ટી.એસ.માથુર |
| રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે | વિ.વકીલશ્રી ––– |

---

**-// <u>ઠ રા વ</u> //-**

(૧) એપેલેન્ટ/મુળ આરોપી દ્વારા હાલની અપીલ રાજકોટના મહે. છઠ્ઠા એડી.ચીફ જ્યુડી.મેજી. સાહેબશ્રીએ તેમની કોર્ટના હાલના એપેલેન્ટ/મુળ આરોપી વિરૂદ્ધના ફોજદારી કેસ નં. ૧૮૭૧૩/૨૦૨૦, ઈ.પી.કોડ કલમ-૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબના ગુના પૈકી ઈ.પી.કોડ કલમ-૩૨૪, ૧૧૪ મુજબના ગુનામાં ક્રીમી.પ્રોસીજર કોડ કલમ-૨૪૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને ૦૧ વર્ષની સાદી કેદની સજા અને રૂ૦ ૫,૦૦૦/- દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ માસની સાદી કેદની સજા ભોગવવાનો તેમજ આરોપીઓએ દંડ પેટે સમગ્ર રકમ અથવા તેનો કોઈ પણ ભાગ અદાલતમાં જમા કરાવે તો તે જમા થયેલ રકમ ફરિયાદીને થયેલ માનસિક તથા શારીરીક યાતના બદલ વળતર પેટે ચુકવવા ક્રીમી.પ્રોસીજર કોડ કલમ-૩૫૭(૩) અન્વયે તા.૦૩/૦૬/૨૦૨૪ ના રોજ કરેલ હુકમથી નારાજ થઈને હાલની અપીલ દાખલ કરેલ છે. સદરહુ ગુનાના કામે આરોપીને ઈ.પી.કોડ કલમ-૩૨૪ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવેલ છે. તેનાથી નારાજ થઈને એપેલેન્ટ/મુળ આરોપીએ હાલની આ અપીલ દાખલ કરેલ છે.

(૨) આ કામે મુળ ફોજદારી કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૭/૦૯/૨૦૨૦ ના રોજ કલાક ૧૫-૦૦ વાગ્યાની આસપાસ દેવનગર શેરી નં.૨, નાના મૌવા રોડ મુકામે આરોપી નં.૧ નાને મોબાઈલ ફોન તેના પુત્રને આપવાનું કહેતા ફોન આપેલ નહીં અને ફરિયાદી સાથે બોલાચાલી કરેલ અને માથાકુટ ઝઘડો કરી આરોપી નં.૨ ને ફોન કરી બોલાવી તેણે ફરિયાદીને ગાળો આપેલ અને આરોપી નં.૧ નાએ ફરિયાદીને કપડા ધોવાનો પ્લાસ્ટીકનો ધોકો માથામાં મારી, ઈજા કરી પોલીસ કમિશનરશ્રી રાજકોટ શહેરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોય જે મતલબની ફરિયાદ ફરિયાદીએ નોંધાવેલ જે ગુના અંગેનો ફોજદારી કેસ નં. ૧૮૭૧૩/૨૦૨૦ આપવામાં આવેલ. જે કેસ

રાજકોટના છઠ્ઠા અધિક ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી સાહેબની કોર્ટમાં ચાલી જતા જે લગત આ કામના અપીલકર્તા (મુળ આરોપી)ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કોડ કલમ–૩૨૪ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી આરોપીને કેદની સજા તેમજ દંડની રકમ ભરવાનો હુકમ કરવામાં આવેલ હોય તે હુકમથી નારાજ થઈ એપેલેન્ટ/મુળ આરોપી દ્વારા હાલની અપીલ દાખલ કરેલ છે.

(૩) એપેલેન્ટ/મુળ આરોપી તરફે તેમના અપીલમેમોમાં તેમજ મૌખિક દલીલોમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટના વિધ્વાન મેજી. સાહેબશ્રીએ ફરમાવેલ સજાનો હુકમ ગેરકાયદેસરનો હોય, ગેરબંધારણીય હોય, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો હોય, પ્રથમ દર્શનીય રીતે રદ થવાને પાત્ર છે. આ કામે જયુ મેજી. ફ.ક. સાહેબે ફો.કે. નં. ૧૮૭૧૩/૨૦૨૦ ના કામે તા. ૦૩/૦૬/૨૦૨૪ ના રોજ હુકમ ફરમાવેલ છે તેમાં અરજદાર આરોપીને આઈ.પી.સી. કલમ ૩૨૪, ૧૧૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવીને એક વર્ષની સાદી કેદની સજાનો અને રૂ૦ ૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાનો દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવેલ છે. તે હુકમ પુરાવાના મુલ્યાંકનમાં યોગ્ય ન્યાયીક કાર્યવાહી કર્યા વગરનો જે સજાનો હુકમ ફરમાવેલ છે તે ભુલ ભરેલો અને યોગ્ય નથી. તેની સામે અમો અરજદારે નારાજ થઈને હાલની આ અપીલ ગુજારેલ છે. આ કામે ફરિયાદ પક્ષે ફરીયાદી મનીષાબેન ઘનશ્યામભાઈ સોલંકીને આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે જેમાં ફરીયાદીની જુબાનીમાં ઘણો બધો વિરોધાભાષ જોવામાં આવે છે તેમજ ફરીયાદી પોતે ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદી તથા આરોપી નં.૧ વચ્ચે અવાર નવાર ઘરમાં ઝઘડાઓ થતા હતા તથા ફરીયાદીએ આરોપી નં.૧ વિરૂધ્ધ વર્ષ–૨૦૧૫ માં ભરણપોષણનો કેસ કરેલ હતો અને ત્યારબાદ બન્ને પક્ષકારો વચ્ચે કોર્ટમાં સમાધાન કરી ફરીયાદી આરોપી સાથે રાજકોટ મુકામે રહેવા આવેલ હતા આમ ફરીયાદી આરોપીને હેરાન–પરેશાન

કરવાના હેતુથી કોર્ટમાં ખોટા કેસો કરી સમાધાન કરી લેતા હતા. આ કામના મુળ ફરીયાદી જેઓ રાજકોટ મુકામે સારવાર લઈને સાંજના સમયે અચાનક ધાંગ્રધા મુકામે આશરે ૧૫૦ કિલોમીટર દુર મુસાફરી કરીને જતા રહેલ અને ત્યાં જઈને સારવાર કરાવેલ જે કોઈ ગંભીર ઈજા ન હોય તો જ આટલી મુસાફરી કરી શકાય જો તેઓ ખરેખર બીમાર હોય તો તેઓ રાજકોટમાં સારવાર લઈ શકે ? જેથી ફરીયાદીની ધ્રાંગધ્રા લીધેલી સારવાર પર શંકા થઈ શકે તથા મુળ ફરિયાદીએ ધ્રાંગધ્રા સરકારી હોસ્પીટલમાં સારવાર કરાવેલી તે ડોક્ટરને સાહેદ તરીકે તપાસેલ નથી જો તપાસ કરનાર અધિકારી દ્વારા ધાંગધા સરકારી હોસ્પીટલના ડોકટરને સાહેદ તરીકે લીધેલ હોત તો સાચી હકિકત નામદાર કોર્ટ સમક્ષ આવી જાય. વધુમાં આ કામમાં આંક–૨૪ થી મેડીકલ ઓફીસર રાજકોટની જુબાનીના પેઈજ નં.ર ના લાઈન નં.૨/૩ માં જણાવે છે કે આ કામના ફરીયાદી " ડોકટરની સલાહ વિરૂધ્ધ પોતાની મરજીથી જતા રહેલા હતા જેથી આ કામના ફરીયાદીને કોઈ ઈજા ન પણ હોય અને ખોટી રીતે દાખલ થવાનો પ્રયત્ન કરી શકે. આ ફરીયાદી રાજકોટની સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલ કઈ પ્રકારની ઈજા છે જેનો ઉલ્લેખ ડોકટર દ્વારા સરતપાસમાં કરવામાં આવેલ નથી તથા આંક–૨૪ માં ડોકટરની ઉલટતપાસમાં ડોકટર દ્વારા સ્વીકારવામાં આવેલ છે કે કોઈપણ વ્યકિતઓ પડી જવાથી આવી ઈજાઓ થઈ શકે છે તેમજ આ કામના ફરીયાદીને માથાના ભાગે ઈજા થયેલ છે કેટલી ઉડી છે તેમજ ટાંકા લીધેલ છે કે નહી તેમજ જો વધુ ઈજા હોય તો સીટી સ્કેન પણ કરાવેલ નથી જેથી આ સારવાર શંકાસ્પદ છે તેવું અમારું નમ્ર પણે માનવું છે. મુળ ફરીયાદીએ પોતાની ફરીયાદમાં હથીયાર એટલે કે ધોકાનું કયાય વર્ણન બતાવેલ નથી તથા તપાસ કરનાર અધિકારીએ સદરહું ધોકો આ કામના આરોપી પાસેથી કંઈ રીતે કબ્જે કરેલ તેનું વર્ણન આ ચાર્જશીટમાં નથી તેથી પણ એપેલેન્ટ/આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર છે. આ કામના તપાસ અધિકારી દ્વારા બનાવવાળી જગ્યાએથી જે પંચોના નિવેદન લીધેલ છે તે પંચો ફરી(હોસ્ટાઈલ) ગયેલ છે જેથી સ્પસ્ટ પણે જણાય આવે છે કે આ

કામના ફરીયાદીએ આરોપીઓને હેરાન પરેશાન કરવાના હેતુથી હાલની આ ખોટી અને ઉપજાવી કાઢેલી ફરીયાદ કરેલી છે જે હકીકત નામદાર કોર્ટને ધ્યાને લીધેલ નથી જેથી હુકમ રદ થવાને પાત્ર છે. તે સંજોગોમાં એપેલેન્ટની હાલની અપીલ મંજૂર કરવા અને એપેલેન્ટ/મુળ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

(૪) જયારે રીસ્પોન્ડન્ટ/સરકારશ્રી તરફે વિદ્વવાન એ.પી.પી.શ્રીએ મૌખીક દલીલ કરી જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટે તેમની સમક્ષ રજૂ થયેલ તમામ પુરાવાઓ ધ્યાને લઇ, તેનું કાયદાની જોગવાઇઓ મુજબ અર્થઘટન કરી, તે અંગે વિસ્તૃત કારણો આપી, જે હુકમ ફરમાવેલ છે તે કાયદેસરનો અને ન્યાયી છે, જેમાં કોઇ ગેરકાયદેસરતા આચરેલ હોય કે કાયદાની દ્રષ્ટીએ ભુલભરેલ હોય તેવુ માની શકાય તેમ નથી. એ.પી.પી.શ્રીએ વધુમાં રજૂઆત કરેલ છે કે, ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં વિસ્તૃત કારણો અને તારણો પણ આપેલ છે, જેથી ટ્રાયલ કોર્ટનો હુકમ ખરો અને કાયદેસરનો હોય, હસ્તક્ષેપ કરવો જોઇએ નહિ. જેથી હાલની અપીલ નામંજુર કરવા અને વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખવા અરજ કરેલ છે.

(૫) રીસ્પોન્ડન્ટ નં.૨/મુળ ફરિયાદી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય છે અને તેમાં કોઈ જ કાયદા તેમજ હકીકતની ભુલ રહી ગયેલ નથી. વધુમાં નામ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ યોગ્ય રીતે મુલ્યાંકન કરી અને યોગ્ય રીતેજ આરોપીઓને સજા તેમજ દંડ કરેલ છે. ફરિયાદીની જુબાની પરથી મુળ ફોજદારી કેસના આરોપી નં.૧ નાએ તેણીને પ્લાસ્ટીકના ધોકા વડે માર મારેલ અને આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ ની મદદગારી કરેલ હોવાનું પુરવાર થાય છે. તેમજ ફરિયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં મુદ્દામાલ હથિયાર ધોકો ઓળખી બતાવેલ છે. વધુમાં ડોક્ટરની જુબાનીમાં ઈજા પામનારે જણાવેલ હિસ્ટ્રી મુજબ બનાવને સંપૂર્ણ સમર્થન કરેલ છે અને

તેનાથી વિરૂદ્ધની હકીકતો રેકર્ડ પર લાવવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ શંકાથી પર સાબીત કરેલ છે તે સંજોગોમાં નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય અને બરાબર હોય તેમજ તે હસ્તક્ષેપને પાત્ર ન હોય એપેલેન્ટની હાલની અપીલ નામંજૂર કરવા અને નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

(૫) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆતો, ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને કેસની હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં આ અપીલનો આખરી નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું રાજકોટના છઠ્ઠા એડી.ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં ફો.કે.નં. ૧૮૭૧૩/૨૦૨૦ ના કામે આંક–૩૧ થી તા. ૦૩/૦૬/૨૦૨૪ ના રોજ કરેલ વાદગ્રસ્ત હુકમ ભૂલભરેલ, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈ વિરુદ્ધનો છે? અને શું તેથી તેમાં હાલની આ અપીલના કામે હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા ન્યાયિક નિર્ણય અર્થેના કારણો નીચે મુજબ છે.

–// **<u>કા ર ણો</u>** //–

**<u>મુદ્દા નંબર–૧.</u>**

(૭) અત્રેની કોર્ટ દ્વારા અપીલ અદાલતનો વ્યાપ, બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીની રજૂઆતો, આરોપીઓ તરફે રજૂ અદાલતી ચુકાદો, ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદ પક્ષ તેમજ બચાવપક્ષ તરફે રજૂ થયેલ પુરાવો તેમજ તકરારી ચુકાદો ધ્યાને લીધેલ છે.

કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, ફોજદારી અપીલના કામે અપીલનો નિર્ણય કરતી વખતે અપીલ ચલાવતી અદાલતને જો ટ્રાયલ

કોર્ટનો ચુકાદો દેખીતી રીતે જ ગેરકાયદેસરનો, રેકર્ડ ઉપરના પુરાવાથી વિપરીત, અયોગ્ય, અન્યાયી, ક્ષતિયુકત, કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો તેમજ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધનો જણાઈ આવતો હોય ત્યારે જ તેમાં હસ્તક્ષેપ કરવો જોઈએ, અન્યથા નહિ.

(૮)     હાલની અપીલ આરોપી દ્વારા તેમની સામે ટ્રાયલ કોર્ટ સમક્ષ થયેલી સજાના હુકમ સામે અપીલ કરવામાં આવેલ છે. ટ્રાયલ અદાલતે આ કામના એપેલેન્ટને ઈ.પી.કોડ કલમ-૫૦૪, ૧૧૪ તેમજ જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં કોઈ સજા કરેલ નથી જ્યારે ઈ.પી.કોડ કલમ-૩૨૪, ૧૧૪ અંગે ટ્રાયલ અદાલતનો ચુકાદો તેમજ ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આ કામે એફ.આઈ.આર.જોવામાં આવે તો ગુનો બન્યા તારીખ ૦૭/૦૯/૨૦૨૦ ની છે, જ્યારે બનાવની ફરિયાદ તા. ૧૫/૦૯/૨૦૨૦ ના રોજ આપેલ છે. ૦૮ દિવસ મોડી ફરિયાદ છે જેનો એફ.આઈ.આર.માં કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદીનો પુરાવો જોવામાં આવે તો આંક-૧૬ થી ફરિયાદીને તપાસવામાં આવેલા છે. આરોપી નં.૨ કે જે ફરિયાદીના સસરા થાય છે તેની સામે ફરિયાદીને માર મારવાનો કોઈ આક્ષેપ નથી. માત્ર ગાળો બોલવાનો આક્ષેપ છે, પરંતુ ટ્રાયલ કોર્ટે ઈ.પી.કોડ કલમ-૫૦૪ માનેલ નથી. આરોપી નં.૧ સામે ફરિયાદીને માથાના ભાગે કપાળથી ઉપરના ભાગે તેના પતિ એ એટલેકે આરોપી નં.૧ નાએ ધોકો મારેલાનું ફરિયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે.તેણીએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ગયેલા અને બીજા દિવસે તેણીની માતા હોસ્પિટલે આવેલ અને ત્યાંથી તેણીને ધ્રાંગધ્રા લઈ ગયેલા. ત્યાં સાત દિવસ સુધી સરકારી હોસ્પિટલમાં સારવાર લીધેલી. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરિયાદીએ ધ્રાંગધ્રા હોસ્પિટલ ખાતે સારવાર લીધેલ હોય તેવા કોઈ મેડીકલ પેપર્સ રેકર્ડ પર રજુ થયેલ નથી. રાજકોટ સરકારી હોસ્પિટલમાં ફરિયાદીએ સારવાર લીધેલ હોય જે સંદર્ભે આંક-૨૪ થી ડો. ધીરજ અગ્રવાલને તપાસેલા છે. ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીમાં

ફરિયાદીએ મારનાર વ્યક્તિનું કોઈ નામ જણાવેલ નથી. તેણીને ૧૦૮ ની ટીમે પ્રાથમિક સારવાર આપેલી હતી અને માથાના ભાગે પાટો બાંધેલો હતો. તેણીના છાતી તેમજ પેટની સોનોગ્રાફીના રીપોર્ટ નોર્મલ આવેલા. તેણી ડોક્ટરની સલાહ વિરૂદ્ધ જ હોસ્પિટલ છોડીને જતી રહેલી. આ કામે ફરિયાદીના કોઈ પુત્રને તપાસવામાં આવેલા નથી. આરોપી નં.૧ તેમજ ફરિયાદી પતિ પત્ની થાય છે. ૨૦૦૯ ની સાલમાં લગ્ન થયેલ છે. લગ્નજીવનથી એક બાળક પણ છે. આ કામના તમામ પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. સ્વતંત્ર સાહેદ તરીકે આંક-૨૦ થી વાલજીભાઈ સોલંકીને તપાસેલા છે. તેઓએ પણ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, આરોપી તથા ફરિયાદી વચ્ચે શું અંગત બનાવ હતો તેની તેમને ખબર નથી. બન્ને વચ્ચેના ઝઘડાની તેમને ખબર નથી. આ સાહેદ ફરિયાદીના પાડોશી થાય છે. ૧૦૮ ના ડોક્ટરને તપાસેલા નથી. આમ, ફરિયાદીના પુરાવાને મેડીકલ પુરાવાથી સમર્થન મળતુ નથી. આરોપી નં.૨ સામે માર માર્યાનો કોઈ પુરાવો પડેલ નથી. તેવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવા સંજોગોમાં ટ્રાયલ અદાલતના ચુકાદામાં હસ્તક્ષેપ કરવાનું યોગ્ય જણાય છે. ટ્રાયલ અદાલતે આરોપીને સજા કરેલ છે જે સજા ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા સજા ટકવાપાત્ર નથી. તેવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટે જે હુકમ કરવામાં આવેલ છે, તે હુકમમાં અત્રેની કોર્ટ દ્વારા હસ્તક્ષેપ કરવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોય જેથી મુદ્દા નંબર-૧ નો જવાબ "હકારમાં" ઠરાવી, મુદ્દા નંબર-૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ પાઠવવામાં આવે છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## -// <u>હુકમ</u> //-

(૧) એપેલેન્ટ/મુળ આરોપીઓ **૧. ઘનશ્યામભાઈ અમરશીભાઈ સોલંકી,** રહે.દેવનગર શેરી નં.૨, નાના મવા રોડ, રાજકોટ તેમજ આરોપી નં. **૨. અમરશીભાઈ વેલજીભાઈ સોલંકી,** રહે. રૈયાધાર, રામાપીર ચોકડી પાસે, ઈન્દીરાનગર, રાધિકા પાન સેન્ટરની પાછળ, મફતીયાપરા, રાજકોટ વાળાની ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૭૪ અન્વયેની હાલની આ ફોજદારી અપીલ આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) રાજકોટના છઠ્ઠા એડી.ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં ફોજદારી કેસ નં. ૧૮૭૧૩/૨૦૨૦, ઈ.પી.કોડ કલમ-૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબના ગુના પૈકી ઈ.પી.કોડ કલમ-૩૨૪, ૧૧૪ મુજબના ગુનામાં ક્રીમી.પ્રોસીજર કોડ કલમ-૨૪૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને ૦૧ વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૫,૦૦૦/- દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ માસની સાદી કેદની સજા ભોગવવાનો તેમજ આરોપીઓએ દંડ પેટે સમગ્ર રકમ અથવા તેનો કોઈ પણ ભાગ અદાલતમાં જમા કરાવે તો તે જમા થયેલ રકમ ફરિયાદીને થયેલ માનસિક તથા શારીરીક યાતના બદલ વળતર પેટે ચુકવવા ક્રીમી.પ્રોસીજર કોડ કલમ-૩૫૭(૩) અન્વયે તા.૦૩/૦૬/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે અને એપેલન્ટ/મુળ આરોપીઓને ઈ.પી.કોડ ૩૨૪, ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) એપેલન્ટ/આરોપીઓએ જો કોઈ દંડની રકમ ભરેલ હોય તો તે તેમને અપીલ સમય વિત્યેથી પરત ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૫) આ કામના એપેલન્ટ/મુળ આરોપીના જામીન તથા જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામના એપેલન્ટ/મુળ આરોપીઓએ અપીલ પીરીયડ સુધીના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૪૩૭(એ) મુજબના રૂ૦ ૧૦,૦૦૦/– ના જામીન આપવા.

(૭) ટ્રાયલ અદાલતનું અસલ રેકર્ડ આ હુકમની એક પ્રમાણિત નકલ સાથે ત્વરિતે પરત મોકલી આપવું.

હુકમ આજરોજ તારીખઃ **૩૦મી** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬.
સ્થળઃ રાજકોટ.

**(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)**
GJ00663
**૫મા** એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ